# મનશુદ્ધિનું ટૉનિક | પ્રવીણ દરજી

[**મનજળ થંભ થયેલું** (નિબંધસંગ્રહ) : લાભશંકર ઠાકર, રન્નાદે પ્રકાશન, અમદાવાદ-૧, પ્ર. આ. ૨૦૦૫, પૃ. ૨૦૦, કિં. રૂ. ૧૩૦/-]

લાભશંકર ઠાકર સતત લખતા રહ્યા છે – ગદ્ય અને પદ્ય બંને. બંનેમાં તેઓ કશાક પડકારને વરેલા લાગે. વિવિધ સાહિત્યસ્વરૂપોમાં તેમનો એવો સંચાર તેથી અવલોકવો – માણવો ગમે. નિબંધક્ષેત્રે તેમનું અર્પણ તેમની સર્જકતાની વિભિન્ન લકીરોનું દ્યોતક બન્યું છે. ‘મનજળ થંભ થયેલું’ – એ એમનો, વિચારતત્ત્વને આગળ રાખીને લખાયેલા સંક્ષિપ્ત નિબંધોનો સંગ્રહ છે. પત્રકારત્વની એ પેદાશ જરૂર છે પણ મોટેભાગે બનતું આવ્યું છે તેમ, અહીં વાચકોને ખુશ કરવા કે ખુશ રાખવાનો કીમિયો નથી, એવું કશું અનુસંધાન પણ નથી. ઊલટાનું, અહીં સમયે સમયે એવા વાચકને આંચકા આપવાનો, આઘાત આપવાનો, બૌદ્ધિક અભિગમ રહ્યો છે. સ્થિર-જડ-રૂઢ, બંધિયાર, થંભી ગયેલું, અબૌદ્ધિક, વિધિવિધાનને વરેલું, સમ્યકાર્થ ચૂકી ગયેલું આ નિબંધોનો વિષય બને છે. નર્મદની, એના સમયમાં એક વિચારક તરીકે જે વિમાસણ હતી, ચારે તરફ વૈચારિક સ્થગિતતા હતી અને ટાઢાબોળપણા વચ્ચે તેણે કુહાડો મારતાં લખ્યું :

**‘ઝટ ડહોળી નાખો રે, મનજળ થંભ થયેલું’**

બરાબર એવી જ મનોદશા વચ્ચે આપણા સમયનો આ લેખક પણ કંઈક એવી જ ગૂંગળામણ અનુભવે છે. કહેવાતા બૌદ્ધિકો, કહેવાતો ભદ્ર વર્ગ, કહેવાતો સંસ્કારી જન – ખરેખર તો મનનાં બારીબારણાં બંધ કરીને બેઠો છે. વિધિવિધાનોથી તે આગળનું કશું વિચારી શકતો નથી. ધન-ધર્મ-સત્તા એ ત્રણેની ચુંગાલમાં તે એક યા બીજા મિષે આવેલો છે. એટલે છતી આંખે જોવા જેવું તે જોઈ શકતો નથી, છતા કાને સાંભળવા જેવું સાંભળી શકતો નથી. કાલગ્રસ્તને તે તજી શકતો નથી, પરિવર્તનને તે આવકારી શકતો નથી. સ્થિતસ્ય સમર્થનમ્‌માં તે પોતાને રક્ષિત માને છે. પ્રશ્ન આવા થીજી ગયેલા સમુદ્ર વચ્ચે એમાં આગ ચાંપવાનો છે. અને એવું અગ્નિકર્મ કરી શકે તેવા માણસો આપણી પાસે નહિવત્ છે. સર્જકો-વિચારકો-ચિંતકો-ધર્મગુરુઓનું સત્ત્વ પણ નકારી રહ્યું છે. સૌને, નિબંધકાર કહે છે તેમ, ‘યાંત્રિક પૂતળાનો પર્યાય’ બની રહેવું છે. ‘શુદ્ધિપ્રેરક’ પ્રતિભાવોથી તે દૂર ભાગે છે, ‘અશુદ્ધિ’ઓ જ કોઠે પડી ગઈ છે. લેખકે સાચું કહ્યું છે – ‘મનજળ, શબ્દજળ અને કર્મજળ ખળખળ’ વહેતાં રહેવાં જોઈએ. આખા સમાજની ગતિ કંઈક અત્યારે પ્રતિકાર વિહોણી છે, યાંત્રિક પુનરાવર્તનો ઉપર તેનું રગશિયું ગાડું ઠચૂક ઠચૂક ગબડ્યા કરે છે.

‘મનજળ થંભ થયેલું’માં લાભશંકરે ક્યાં એ મનજળ થંભ થયેલું છે, ક્યાં તેને વહેતું કરવાનું છે, કેવી રીતે કરવાનું છે અને આવું કરવા મથનાર સામે કેવા કેવા, કયા કયા અવરોધો છે તે દર્શાવ્યું છે. આમ કરવા જતાં તેમણે રાજધર્મ અને ધન-સત્તાખોરોને ઊધડા લેવા પડે તો લીધા છે, પોતાની આસપાસ ઘટતી ઘટનાઓનો નિહિતાર્થ પ્રકટ કર્યો છે, રૂઢ જ્ઞતિઓ સામે આક્રોશ ઠાલવ્યો છે, મનુષ્યચેતનાને રૂંધે, કુંઠિત કરે તેવી બાબતોને વિચારોત્તેજક ભાષામાં અનાવૃત્ત કરી છે. જગતમાં જે કેટલુંક સુંદર છે તેના ઉપર પણ આંગળી મૂકી આપી છે, કશુંક વિચારયોગ્ય હોય, વાચનયોગ્ય હોય તો તેને આગળ ધર્યું છે, કોઈક કોઈક વ્યક્તિના એકલદોકલ પ્રયત્નોમાં સત્ય રહ્યું હોય, યોગ્ય દિશા તરફની ગતિ હોય તો તેને તેઓ ઉમળકાથી પ્રશંસે છે, વિસ્તારી આપે છે. કહો કે આ નિબંધકારને એકધારાપણાને તોડવું છે, સત્યને પ્રકાશિત કરવું છે અને વિધાયક રીતે, એ પોતે કહે છે તેમ, ‘ભાવપૂર્ણ અપેક્ષાથી’ – એ કરવું છે. વાત એમ મનજળ સતત વહેતાં રહેવાં જોઈએ એની છે. મન અને જળ બંને ગતિના પર્યાય છે અને ગતિ જ અવરોધાય તો ? તો એવો સમાજ, એવો માનવી સંસ્કૃતિને નામે સંસ્કૃતિનો ભંગાર બની રહે.

નિબંધકારની આવી ‘ભાવપૂર્ણ અપેક્ષા’નો અહીં પૃષ્ઠે પૃષ્ઠે અનુભવ થઈ રહે છે. જુઓ, આરંભની રચનાઓમાં રવીન્દ્રનાથની જાણીતી રચના ‘પ્રાર્થના’ના એકેએક શબ્દને તેઓ પૂરા પરિપ્રેક્ષ્યમાં ઉઘાડી આપીને ‘ભય’, ‘ઉચ્ચ શિર’, ‘જ્ઞાનમુક્ત’, ‘કર્મપ્રવાહ’, ‘કર્મકાંડ’ વગેરે વિશે જે અર્થઘટન કરી આપે છે, એ પાછળની ટાગોરની વ્યાપક ભાવનાને જે રીતે ખોલી આપે છે તે વ્યક્તિ-સમાજના મૂળ સુધી લઈ જતી જણાય છે. અબ્દુલ કલામની ‘અગનપંખ’ આત્મકથા વાંચીને કલામ જેવા ઋષિ-વૈજ્ઞાનિકને, તેમની દૃષ્ટિ-ગતિ-મતિને પાંખ આપી રહેતા પ્રસંગોની તે જે રીતે નોંધ લે છે અને એ પાછળ પ્રવહતા જીવનજળને, કર્મ-વિચારજળને તેઓ પ્રકટ કરી આપે છે એ સંક્ષિપ્ત નિબંધો પટાન્તરે ‘અગનપંખ’ના નાયકની સાથે સાથે લેખકની ખુદની વહેતા રહેવાની ઉત્કટતાને પણ ચરિતાર્થ કરી આપે છે.

હિંસક અથડામણો, લોકસમૂહને ખાનામાં વહેંચી દેતા સત્તાધુરીણો, ધર્મધુરીણોની પણ તેમણે એકાધિક વાર ઝાટકણી કાઢીને તેમની ‘દુષ્ટતા’ પ્રત્યે તર્જનીસંકેત કર્યો છે. કન્યાની આત્મહત્યાની ભીતર રહેલાં ઢાંચાઢાળ શિક્ષણતંત્રને અને એમ સમાજ-શિક્ષણ-રાજ્ય સુધીના ઉત્તરદાયિત્વને તેમણે સમુચિત રીતે તાક્યાં છે. અન્ન બ્રહ્મ અને પાણી જેવા વિષયો ઉપરની તેમની નુક્તેચીની પણ એટલી જ વિચારણીય રહી છે. ચૂંટણીના વાતાવરણમાં ‘લોકશાહી’ વિશેની ચિંતા કરનાર લેખકે સાહિત્ય પરિષદ અને ચૂંટણીની પણ યોગ્ય રીતે ચિંતા કરી છે ! શિક્ષિતોની સ્વાર્થપરાયણતા વિશે પણ તેમણે એવી જ નારાજગી પ્રકટ કરી છે. ધર્મ અને તેના ધુરીણો, ભગવાધારીઓ પણ તેમની અડફેટમાં સતત આવ્યા છે. સમાજને – વ્યક્તિને ગુમરાહ કરવામાં તેની જે ભૂમિકા રહી છે તે વિશે ભાગ્યે જ આંખ આડા કાન કરી શકાય તેમ છે.

અહીં બીજી તરફ સરલતા, ઘર, વસંત, ફાગણ, બાળઆનંદ, મોર જેવા વિષયો ઉપરની સંક્ષિપ્ત રચનાઓ પણ પ્રાપ્ત થઈ રહે છે. નિબંધકારમાં બેઠેલો કવિજીવ, આવી રચનાઓને પ્રસન્નોદ્‌ગારની કથાએ મૂકી આપીને તેમનામાં રહેલા ‘સરલ’ જીવની પ્રતીતિ પણ કરાવે છે. આ સંગ્રહમાં રાધેશ્યામ શર્માએ ‘ચારુલતા’ ચલચિત્રની કરેલી ટિકિટલ્હાણ, હરિકૃષ્ણ પાઠકનાં બાળકાવ્યો, નરસિંહ મહેતાનો ઓટલો, રાવજીની કવિતાની કીડી, ‘સ્પર્શ’ નિમિત્તે પ્રિયકાન્ત મણિયાર, વગેરે અનેક ટૂંકી રચનાઓ ભલે કોઈ ચોક્કસ નિમિત્તે લખાઈ હોય પણ એવી રચનાઓમાં પણ તેમનો આશય તો કશાક આધાર પડે અમુકતમુક વિચારને – પછી તે કળાવિષયક કે જીવનવિષયક હોય – પ્રસ્તુત કરવાનો રહ્યો છે. જે વિચાર મનજળની ગતિને વેગ અર્પી રહે. ક્યારેક ‘બકરી બકરી અને ગાંધીજી ગાંધીજી’, ‘ચૂંટણી’, ‘અસ્થિવિસર્જનનો તાયફો’, ‘ભાષાખાઉં રાક્ષસ’ વગેરે રચનાઓમાં લાભશંકરની વ્યંગ્ય-કટાક્ષની ધાર પેલા ‘રૂઢ’ને છેદી-ભેદી નાખે તેવી તીવ્ર બની આવી છે.

આ સંગ્રહમાં લાભશંકરની ઇતરકળાઓ પ્રત્યેની રસવૃત્તિ અને રસજ્ઞતા પણ જુદા જુદા નિમિત્તે પ્રકટતાં રહ્યાં છે. ચિત્રકાર કાંબલે, વૃંદાવન સોલંકી ઉપરની રચનાઓ તેનાં સારાં દૃષ્ટાંતો

છે. ‘ડિયર મ.મો.’, ‘નિત્યસ્રોતા મોહનભાઈ’, ‘નાટ્યકળાનો પર્યાય : કાન્તિ મડિયા’, ‘આપણા શોભનભાઈ’ વગેરે ઉપરનાં લખાણ સીધાં ચરિત્રો નથી, ચરિત્રનિબંધનું લટકણિયું પણ લગાડાય તેમ નથી છતાં જે તે વ્યક્તિ વિશેની કેટલીક સુભગ ભાવભંગિઓનો વાચકને તેમાં સ્પર્શ થઈ રહે છે.

લાભશંકરના ‘મનજળ થંભ થયેલું’માં આમ વ્યાપક રૂપે કહીએ તો વ્યક્તિ-સમાજના વિકારો પ્રતિ વિચારો છે, માનવીના ટૂંપણા વિશે, તેની ગેરસમજો વિશે, સમજણના અભાવ વિશે અને એના એક યા બીજા પ્રકારના મનજળને બંધિયાર કરી મૂકે તેવા ખ્યાલો-વલણો વિશે સર્જકીય-વિચારકીય સ્તરે ઊઠતા પ્રતિકારો છે. આવા પ્રતિકારો માત્ર પ્રતિકાર કરવા ખાતરના કે કૉલમ ભરવા માટેના નથી. તેમની એ સર્વ સાથે એક સજગ – સંપ્રજ્ઞ વ્યક્તિ તરીકેની સાચકલી નિસબત છે. એ નિસબત તેમની પાસે વિષયની કેવી-કેટલી વિવિધતા હોઈ શકે તેનો અનુભવ તો આપણને કરાવે છે જ, પણ તે સાથે જોડાયેલું ભાષાવૈવિધ્ય પણ આપણું ઠીક ઠીક ધ્યાન ખેંચે છે. તેમણે આ બધું સૂતેલાને જગાડવા કર્યું છે, રાહ ખોઈ બેઠેલાને સાચો માર્ગ કયો છે તે બતાવવા કર્યું છે. અને તેય જુદી જુદી ભૂમિકાએથી. પરિણામે બોલચાલની ભાષાથી માંડીને ‘ભદ્ર’ સમાજની ભાષા સુધીના અનેક કાકુઓ તેમણે પ્રકટાવ્યા છે. તળનું છે તો શિષ્ટ-પ્રશિષ્ટ છે, ગાંભીર્યની સાથે ધારદાર કટાક્ષ–વ્યંગ્યનો મારો પણ છે. ચિંતન ખરું ચિંતનવેડા નહિ, બધું સહજ રીતે ઊકલે-ઊઘડે... વિધિનિષેધ વિના. જુઓ : ‘તો શુદ્ધ સંગીત મૂકો અને આ કર્કશ માઇક રિપેર કરાવો’ (પૃ. ૧૩૫), ‘જગત્ ભલે સાવકી મા હોય. તું તો મા છે, ખરેખરી મા, વ્હાલી વ્હાલી ઊંઘ !’ (પૃ. ૭૭), ‘ખરેખર ધર્મસ્થાનોનાં તંત્રોને ઢંઢોળવાની – ખખડાવવાની અને ધબેડવાની જરૂર છે’ (પૃ. ૬૨), ‘આ દેશમાં દારૂ પીવા સિવાય હવે બીજું રહ્યું છે શું’ (પૃ. ૧૩૮), ‘વિનોબાજી ‘ગોવધ’ બંધ કરાવવા માટે ઉપવાસ કરે છે કેમ કે ગાય તેમની માસીની દીકરી બહેન થાય છે’ (પૃ. ૧૨૮) ...આવું તો અહીં બીજું પણ ટાંકી શકાય. વિચારાત્મક ગદ્યની આવી પણ મુદ્રા હોઈ શકે....

‘મનજળ થંભ થયેલું’ મિત્રો, વાંચો. મનશુદ્ધિનું ટૉનિક છે.